સૈયદ મુસ્તફા હસન કાદરીના
ખાનદાનનું ટુંક વર્ણન.

પ્રગટ કરનાર.

નિઝામુદદીન અમીરૂદદીન કુરેશી.

પાંચપટી—અમદાવાદ.

આવૃતી પહેલી. પ્રત ૫૦૦.

નવેમ્બર ૧૯૧૪. ઝિલહજ ૧૩૩૨ હી.

પાંચપટી અમદાવાદમાં આવેલા ધી નિઝામીયા પ્રીન્ટીંગ
વર્ક્સ (છાપખાના) માં મી. નિઝામુદદીન
અમીરૂદદીન કુરેશીએ છાપ્યું.

પ્રગટ કર્તાનો ખુલાસો.

ગુજરાત કાઠીઆવાડમાં પ્રખ્યાતી પામેલા સૈયદ મુસ્તફા હસન કાદરી સાહેબના ખાનદાનનું આ વૃતાંત ઉરદુ ભાષામાંથી ગુજરાતીમાં તરજુમો કરવામાં આવેલ છે. અલીગઢ કોલેજના એક ગ્રેજયુએટ જેઓ ઉરદુ અંગ્રેજી ભાષાના અચ્છા લેખક અને પ્રખ્યાત પત્રકાર છે તેઓએ આ ફાની જહાનની મોહમાયા ઉપરથી જીવ ઉઠાવી લઇ દુરવેશીમાં કદમ મુકયો ત્યારે બુઝુર્ગાને દીનના હાલાત લખવાના કામનો આરંભ કરતાં કાદરીયા ખાનદાનની મજકુર શાખાનું મુબારક વર્ણન સૌથી પહેલાં ઉરદુ ભાષામાં લખ્યું. મજકુર વૃતાંતનો આ તરજુમો છે આશા છે કે વાંચકો તે વાંચીને સંતોષ પામશે.

પ્રગટ કર્તા.



પીરઝાદા સઈયદ મુસ્તુફા હસન સાહેબ કાદરી.

પીરઝાદા સઈયદ મુસ્તફા હુસન કાદરીના ખાનદાનનું ટુંક વર્ણન.

હમ વહાં હેં જહાંસે હમકોભી
કુચ્છ હમારી ખબર નહીં આતી

તમહીદ.

સમયના ફેરફારના સબબે મહાન ઇસલામની સંપુર્ણતાએ પહોંચેલી મહત્વતા તથા મુસલમાનોની ગુઝશ્તા જાહો જલાલી ગુમનામીમાં પડેલી છે. પારકા તો શું પણ કેટલીક વખતે અમે પોતેજ ભુલી જઇએ છીએ કે અમારા શરીરમાં કેવા કેવા મહાન મહાત્માઓનું લોહી વહી રહયું છે અને અમે કેવા કેવા બરગુઝીદા તથા સર્વમાન્ય દીની બુઝુર્ગોના નામ લેનારા છીએ. જે માનવંતા ઇસલામી નામવરોએ પોતાના હેરત પમાડનારા કારનામાઓથી દુનિયાના ઇતિહાસના પાનાઓ હમેશા સુધી સુર્યની પેઠે પ્રકાશીત કર્યા છે અને જે ઇલાહી પ્રેમમાં મસ્ત રહેનારા પવિત્ર

પુરૂષોએ કુફ્ર તથા બદકારીના અંધકારને દુર કરી તવહીદ અને રીસાલતના પ્રકાશનો પ્રસાર કર્યો છે તે પવિત્ર મહાત્માઓની વંશ અમારામાં બાકી છે. પરંતુ અફસોસ ! સમયના ફેરફારે અમારી અસલીયત ઉપર પરદો નાંખી દીધો છે, અમોએ અમારી ગુઝરતા જાહોજલાલીને ભુલાવી દીધી છે અને અમારી કમનસીબી અમારી અસલીયતની શોધ તરફ ઢળવા દેતી નથી. જો અમે એવીજ રીતે આ બાબત તરફ નાંખતી કરીશું તો અમે કોણ છીએ, કેવા છીએ, અમારા વડીલો કેવા હતા, તેઓએ શું કર્યું હતું તે બધું ગુમનામીના ખાડામાં સદાને માટે અલોપ થઇ જશે અને ફરી તેનું પરિણામ કેવું આવશે તે સ્હેજમાં સમજી શકાય છે. માટે અમારે આ વિષે પુરેપુરૂં ધ્યાન આપવું જોઇએ. અગર અમે પોતેજ અમારૂં માન જાળવવાની કોશીશ નહીં કરીએ તો બીજાઓના મનમાં અમારૂં માન પેદા થવું ઘણુંજ મુશકેલ છે. એટલા માટે આ વિષયને ઘણુંજ જરૂરી સમજીને આ સ્થળે અમે એક પુરાતન ખાનદાનની વાચકોથી મુલાકાત કરાવવા ચાહીએ છીએ જે ઇસલામીઓમાં એક અગ્રેસર કુટુંબ હોવાનું માન ધરાવે છે.

અમદાવાદમાં કાદરીયા ખાનદાનની એક શાખા.

હીંદુસ્તાનમાં વસ્તી ઇસ્લામી પ્રજામાંથી ઘણુંજ થોડા લોકોને ખબર હશે કે ગુજરાતના પુરાતન પાયતખ્ત અમદાવાદ કે જે એક સમયે ઇસ્લામી આગેવાનો અને નામવર દીની બુઝુર્ગોનું મુખ્ય સ્થળ હતું તેના રહેવાશીઓમાં તે મહાન બરગુઝીદા બુઝુર્ગ સરતાજે અવલીયાના ખાનદાનની એક મુસતનદ શાખા પણ વસે છે જે ઇસલામના દુનિઆમાં એક મહાન રૂહાની પેશવા ગણાય છે અને જેમને હઝરત ગવસુલ સકલેન, કુત્બુલ કોનેન, મેહબુબે સુબહાની સય્યદના મીરાં મહીયુદદીન અબદુલ કાદર જીલાની રદી૦ ના મુબારક નામથી દુનિઆ જાણે છે અને કયામત સુધી જાણશે. એમના ખાનદાનમાંથી જે બુઝુર્ગ હીંદુસ્તાનમાં આવ્યા અને અમે જે ખાનદાનનું વર્ણન કરીએ છીએ તેના મુળ પુરૂષ થયા તેમનું હીંદમાં આવવાનું કારણ જાણવા જોગ હોવાથી અમે આ સ્થળે લખીએ છીએ.

સૈયદ શાહ તાજુદદીન

હઝરત ગવસુલઆઝમ રદી૦ની આઠમી પેઢીએ સય્યદ શાહ તાજુદદીન રહે૦ નામના એક બુલંદ પાયાના બુઝુર્ગ ગુજર્યા છે જેઓનું પેદીનામું આવી રીતે છે.

હઝરત ગવસુલ	આઝમ રદી૦ ના	દીકરા	
સઇયદ શાહ	અબદુર રઝાક	,,	,,
સઇયદ શાહ	અબુ સાલેહ	,,	,,
સઇયદ શાહ	જમાલુલ્લાહ	,,	,,
સઇયદ શાહ	દાઉદ	,,	,,
સઇયદ શાહ	જલાલુદ્દીન	,,	,,
સઇયદ શાહ	બહાઉદ્દીન	,,	,,
સઇયિદ શાહ	તાજુદ્દીન	,,	,,

ઉપર જણાવેલા હઝરત સઇયદ શાહ તાજુદ્દીન સાહેબ રહે૦ રમઝાન માસની સતાવીસમી તારીખે જુમાની રાતે પોતાના પવિત્ર દાદા હઝરત ગવસુલ આઝમ રદી૦ના મઝાર શરીફ ઉપર મુરાકેબામાં હતા કે આપના ઉપર નીંદ્રાનો ગલબો થયો જેથી આપ તેજ સ્થળે નીંદ્રાવશ થઇ ગયા. તે વખતે આપે સ્વપનામાં જોયું કે હઝરત ગવસુલ આઝમ રદી૦ આ પ્રમાણે ફરમાવી રહયા છે. "યા વલદી! તમે બહુ જલદી બંગાળાની તરફ વિદાય

બાદ, ત્યાંનો બાદશાહ સય્યદ સુલતાન હુસેન મારો તાલીબ છે તેને ત્યાં પહોંચીને મુરીદ બનાવો" આ સાચા સ્વપ્ના માંથી બેદાર થતાંજ શાહ સાહેબે હીંદુસ્તાનની મુસાફરીની તઇયારી કરી અને બંગાળાની તરફ વિદાય થઇ ગયા. તે સમયે બંગાળાના રાજ્ય કર્તા શાહ સય્યદ સુલતાન હુસેનનું પાય તખ્ત ગોરખપુરમાં હતું અને તે ભારે દબ દબાથી રાજ્ય કારોબાર ચલાવી રહયો હતો.

જ્યારે સય્યદ શાહ તાજુદદીન સાહેબ ગોરખપુરની પાસે પહોંચ્યા ત્યારે આપના પધારવાની ખબર સુલતાનને થઇ તેથી તે પોતાની ખુશ નસીબીથી ખુશી થતાં અકીદાના જોશ સાથે શહેરની બાહાર માન આપવાને હાજર થયો અને શાનો શવકતની સાથે આપનો આદર સત્કાર કરી માન તથા શાહી દબદબાની સાથે શહેરમાં લાવ્યો, તે બાદ આપનો મુરીદ થયો. શાહ સાહેબની વિદ્વતા, બુઝુર્ગી અને લાયકાત સાંભળીને સેંકડો આલેમો, અમીર, ઉમરાવો, આપના મુરીદ થયા અને સુલતાન હુસેન તો થોડાજ દીવસની સંગતથી આરફે કામીલ બની ગયો.

લગ્નનો પયગામ

હઝરત સાહેબની અસંખ્ય મહેરબાનીઓ અને અગણિત નવાઝિશો જોઇ શાહ સુલતાને એક દીવસ પોતાની પુત્રીને હઝરતની સેવામાં રજુ કરતાં અરજ કરી કે “ આ મારી પુત્રીનો હાથ કબુલ ફરમાવી સેવકના માનમાં વધારો કરવાની મહેરબાની કરો. ”

સૈયદ શાહ અબ્બુલ હયાત.

સુલતાનનો આ સંદેશો સાંભળી હઝરત શાહ સાહેબે જવાબ આપ્યો “ હું આ ભલી બાનુનો હાથ સ્વીકારીને નિકાહ કરી શકતો નથી કેમકે તે મારા દીકરા અબ્બુલ હયાતના માટે નિર્માણ થઇ ચુકી છે, માટે તેને અત્રે બોલાવવા સારૂ કોઇ માણસને મોકલો તો હું કાગળ લખી આપું એટલે તે મારો કાગળ જોતાં માણસની સાથે અત્રે આવે. ” આ હુકમ સાંભળતાં સુલતાને પોતાના કેટલાક અમીર ઉમરાવો તથા હઝરતના પુરાણા સેવક દરવેશો વિગેરેનો કાફલો તઇયાર કરી બગદાદ શરીફ રવાના કર્યો. કાફલો બગદાદ શરીફ પહોંચ્યો અને લગભગ ચાર વરસની મુદતમાં આ લાંબી મુસાફરી પુરી કરી મોટા

માન મરતબાની સાથે શાહઝાદા અબ્દુલ હયાત સાહેબને ગોરખપુર લઇને આવ્યો. પવિત્ર પિતાએ પોતાના પુત્રની લાંબા સમયે મુલાકાત લીધી અને સુન્નત તરીકાથી નિકાહની ક્રિયા કરવામાં આવી. શાહ સુલતાન હુસેન પોતે પણ સૈયદ હતા અને હવે કાદરીયા ખાનદાનમાં પુત્રી આપવાનું માન પ્રાપ્ત થયું તેથી તેની ખુશીનો કાંઇ પાર રહયો નહીં.

ગાદી નશીન

પોતાના પવિત્ર પિતાની સેવામાં થોડો કાળ ગાળવાથી શાહ અબ્દુલ હયાત સાહેબ બાતેની કમાલાતમાં પુરા પ્રવીણ થઇ ગયા જેથી શાહ તાજુદ્દીન સાહેબે પોતાની ગાદી તેમને સોંપી બગદાદ શરીફ પાછા ફરવાનો ઇરાદો કર્યો. પોતાના વ્હાલા પુત્રથી વિખુટા પડતી વખતે શાહ સાહેબે પોતાના પુત્રને સંબોધીને ફરમાવ્યું કે "બેટા! હઝરત મેહબુબે સુબહાની કુત્બે રબ્બાની મીરાં મહીયુદ્દીન શેખ અબ્દુલ કાદર જીલાની કદ૦ના હુકમ પ્રમાણે તમે હીંદ દેશમાં રહો જેમ બને તેમ ફકર ફાકાથી ગુજારો કરો અને પોતાની કશ્ફ કરામાતને જાહેર ન થવા દો, બગદાદ પહોંચીને હું આ દુનિયાથી કુચ

કરીશ. હવે હું તમારાથી વિખુટો પડું છું અને તમને ખુદાને સોપું છું" પવિત્ર પીના આ અસરકારક વિવેચન કરી પવિત્ર દીકરાથી વિદાય થયા અને પોતાના પવિત્ર દાદાના સાયા તળે આ દુનિયાથી કુચ કરવા માટે મુસાફરી શરૂ કરી. જેવી રીતે બગદાદ શરીફથી તેઓ પમ રસ્તે આવ્યા હતા તેવીજ રીતે તેજ રસ્તે બગદાદ શરીફ જવા માટે ચાલ્યા.

કરામત.

મુસાફરી દરમ્યાન હીંદના તે સમયે પ્રખ્યાત થએલા સાધુડા શહેરની પાસે કસ્બે બનોડમાં આપ પહોંચ્યા અને ત્યાંની જુમ્મા મસજીદમાં ઉતર્યા તથા પોતાનો ઘોડો મસજીદનાં ચોકમાં બાંધી દીધો. રાત્રે વરસાદ થવાથી આપે ઘોડો વરસાદથી બચવા પામે એટલા માટે ચોકમાંથી ખોલીને મસજીદની અંદર બાંધ્યો. સવાર થતાં લોકો નમાઝના માટે આવ્યા અને મસજીદની અંદર ઘોડાને બાંધેલો જોઈ ટીકા કરવા લાગ્યા જેથી આપે ટીકાનું કારણ પુછ્યું એટલે લોકોએ કહ્યું કે " ઘોડો મસજીદની અંદર પેશાબ અને લીદ કરશે " આપે જવાબમાં ફરમાવ્યું કે " તે લીદ તેમજ પેશાબ નહીં કરે " લોકોએ કહ્યું " જો એમ હોય તો કાંઇ

હરકત નથી." ખુદાની કુદરતથી ચાલીસ દીવસ સુધી વરસાદની હેલી ચાલુ રહી પણ ઘોડાએ બરોબર ઘાસ દાણો ખાધા છતાં લીદ કે પેશાબ કરી નહીં. આપની આ જાહેર કરામતથી લોકોના ઉપર ભારે અસર થયો. જ્યાં સુધી આપ સાધુડામાં રહયા ત્યાં સુધી બીજી અનેક કરામતો જાહેર થઇ હતી જેથી આસપાસના ગામડાઓમાં આપની પ્રખ્યાતી થવા પામી એટલે લોકોનાં ટોળે ટોળાં આપની સેવામાં મુરીદ થવાને માટે આવવા લાગ્યા પરંતુ આપે બધા લોકોને આ જવાબ આપ્યો કે "મારા દીકરા સઇયદ અબ્દુલ હયાતનો દીકરો અને બંગાલાના સુલતાન હુસેન શાહનો નવાસો સુલતાનુલ અવલીયા સઇયદ શાહ કુમેસ અલ આઝમ કાદરી આ તરફ આવશે અને સરવરે કાયનાત મફખરે મોજુદાત અહેમદે મુજતુબા મોહમ્મદ મુસ્તફા સલ૦ ના હુકમ અનુસાર સાધુડા કસ્બામાં રહેઠાણ રાખશે માટે તે વખતે તમે બધા મારા તે પૌત્રના મુરીદ થજો" આ જવાબ સાંભળીને લોકો હઝરત કુમેસ સાહેબ ની પધરામણીની વાટ જોવા લાગ્યા અને આપ ત્યાંથી વિદાય થઇને બગદાદ શરીફની તરફ ગયા.

સૈયદ અબુલ હયાતની ઓલાદ

સઇયદ અબુલ હયાત સાહેબને ત્રણ દીકરા થયા જેમાં પહેલાં સઇયદ શાહ મોહમ્મદ ઝાકિરી કાદરી બીજા સયઇદ શાહ કુમેસ અલ આઝમ કાદરી ત્રીજા સઇયદ શાહ અબદુલ અઝીઝ કાદરી નામના હતા.

સઇયદ શાહ મોહમ્મદ ઝાકિરી

પુત્રના પગ પારણામાંથીજ પરખાય છે એ કહેવત અનુસાર સઇયદ શાહ મોહમ્મદ ઝાકીરી સાહેબની કરામતો નાનપણમાંજ જાહેર થવા લાગી પરંતુ પરવર દિગારની કળાઓ કે જેની ફીલસુફીની સમજણ ગમે તે માણસને આવી શકતી નથી તે તદન જુદીજ હતી. આ વલી અલ્લાહની કરામતોનો પ્રસાર વધુ થવા પામે તે પહેલાં તેમને આ જહાનથી ઉઠાવી લેવામાં આવ્યા એટલે તેઓ ભર જુવાન વયે વફાત પામ્યા.

સઇયદ શાહ અબદુલ અઝીઝ કાદરી પોતાના મામા સુલતાન સઇયદ નસીબ શાહ કે જેઓ સુલતાન સઇયદ

સૈયદ શાહ અબ્દુલ અઝીઝ. હુસેનશાહના ગાદી વારસ અને દીકરા થતા હતા તેમની સાથે લશ્કર લઈને દુશમન ઉપર ચઢાઈ કરવા ગયા હતા જ્યાં મુકાબલાની વખતે શહાદતનો મહાન દરજ્જો મેળવ્યો.

હઝરત શાહ કુમેસ. સઇયદ અબુલ હયાત સાહેબના ત્રીજા સાહેબ ઝાદા સઇયદ શાહ કુમેસ અલ આઝમ રહે૦ હમેશા ઇબાદત રીયાઝત અને મુજાહીદા તથા મુકાશેફામાં લીન રહેતા હતા. કાદરીયા ખાનદાનમાં આ બુઝુર્ગ પણ મોટા પાયાના ગુજર્યા છે. એમની પવિત્ર જાતથી કાદરી ફેઝનો હીંદમાં ઘણોજ પ્રસાર થએલો છે. એમનું લગ્ન એમના મામાની દીકરી એટલે સઇયદ સુલતાન નસીબ શાહની દીકરી તથા સુલતાન હુસેન શાહની પૌત્રીથી થયું હતું પરંતુ પોતાની પત્નિની મગરૂરી, બદ મીઝાજી તથા અમીરી નખરાંથી હઝરત ભારે દીલગીર રહેતા હતા. જો કે ઘણી વખતે તેણીની મગરૂરી હદથી વધી જતી હતી છતાં આપ દરેક વખતે નાંખતી કરતા હતા અને ધીરજ ધરતા હતા. પરંતુ અલ્લાહ વાલાઓની સાથે સંબંધ ધરાવનારાઓની

સલામતી એમાંજ છે કે તેઓ પ્રથમ તેમના સ્વભાવથી જાણીતા થઇ જાય અને પછી તેમની સાથે સંબંધ રાખે. કેમકે જે પવિત્ર હસ્તી પોતાની હસ્તીને પાક પરવર દિગારની જાતમાં ફના કરી દે છે તે દર વખતે પોતાના અખતીયારમાં રહેતી નથી. ઘણી વખતે તેમના વચન ખુદાઇ વચન હોય છે તે વચનના ઉચ્ચાર માટે માત્ર તેઓ ગ્રામોફોનનું કામ આપે છે અને તેમની હીલચાલ તે મશીનની પેઠે હોય છે કે જે બીજાના હાથમાં હોય છે અને બીજાના ચલાવવાથી હીલ ચાલ કરે છે. ખાસ કરીને જે વખતે આવા દરજ્જાના બુઝુર્ગો પોતાની હાલતમાં મસ્ત હોય તો તેમની સાથે છેડ છાડ કરવી કે તેમની મરજી વિરૂધ્ધ કોઇ કામ કરવું મોટા ભાગે નુકસાન કારક હોય છે, કેમકે તેઓ દુન્યાવી મામલામાં ગમે તેવા સંકટો અને લોકો તરફથી નાંખવામાં આવતી મુસ્કેલીઓને સહન કરી શકે છે પરંતુ રૂહાનીયત કે દીની બાબતમાં તેઓ કોઇની પરવા કરતા નથી. દુનિયાની શાનો શવકત અને એશ—આરામને જે રૂહાનીયત કે દીની બાબતના માટે તેઓ સદાના માટે તરછોડી બેઠા છે તેજ બાબતમાં જો તેમની મરજીવિરૂદ્ધ ખલલ પડે તો તેઓ તે કદી પણ સાંખી ન શકે એ વ્યાજબીજ છે.

આવીજ બાબતમાં હઝરત શાહ કુમેસ સાહેબની પત્નિથી પણ એક ભુલ થઇ ગઇ જેનો બદલો ઘણોજ કરૂણાજનક મળ્યો.

અફસોસનાક પરિણામ.

એક દીવસે શાહ કુમેસ સાહેબ મુરાકેબામાં લીન હતા કે આપની પત્નિએ આપને પજવવા માંડયા તે વખતે આપે તેમને બહુ સમજાવ્યા અને ત્યાંથી ચાલ્યા જવા માટે ઘણુંએ કહયું પરંતુ તેઓ જવાને રાજી થયા નહીં, સ્ત્રી હઠ પ્રખ્યાત છે તેથી તે વખતે તેમના મગજમાં સ્ત્રી હઠનો પવન ભરાઈ ગયો હતો તેથી તેઓ ત્યાંથી ખસ્યા નહીં. જ્યારે શાહ સાહેબે સમજાવવામાં કાંઇ બાકી રાખ્યું નહીં ત્યારે ગુસ્સાના આવેશમાં અને જલાલમાં આવીને હઝરત પોકાર્યા. “જા અબઘડી જમીનમાં સમાઇ જા” આ સાંભળતાંજ તેણીનો ચહેરો કાળો પડી ગયો અને ભોંયમાં તળીએ સમાઇ ગઇ અને તે જગ્યાએ અસલ જેવી જમીન થઇ ગઇ.

આ ભયંકર બનાવની જ્યારે મેહેલમાં ખબર થઇ ત્યારે હાહાકાર વર્તાઇ ગયો.

શાહી ખાનદાન પર ઇતરાજી.

બેગમો, દાસીઓ, અમીર ઉમરાવો અને બીજા લાગતા વળગતાઓના હોશ ઉડી ગયા.

આખા શહેરમાં કોલાહલ મચી ગઇ. જ્યારે આ વાતની ખબર આપના સસરા સુલતાન નસીબને થઇ ત્યારે તે દરબારમાંથી ગભરાઇને ઉઠી ગયો અને પોતાના વઝીર નઇમુદદીનને બોલાવીને કહયું કે "શાહ કુમેસ સાહેબની સેવામાં હાજર થવાની મારી હીમત ચાલતી નથી માટે તું મારી સાથે ચાલ" આ સાંભળી વઝીર શાહની સાથે હઝરતની સેવામાં ગયો. સુલતાન નસીએ શરમીંદગી જાહેર કરવા માટે પોતાના ગળામાં તોક નાંખ્યો અને હાથ પગમાં બેડીઓ પહેરી લીધી. જ્યારે તે હઝરત શાહ કુમેસની સેવામાં પહોંચ્યો ત્યારે તેણે આજીજી અને નમનતાઇથી પોતાની દીકરીથી થએલા કસુરોની માફી માંગી અને જણાવ્યું કે "મને મારી દીકરીના નાબુદ થવાની લગારે દીલગીરી થઇ નથી તેણે જેવું કર્યું તેવો તેનો ફેજ થયો. ખરેખર તેણી એવીજ હતી માટે હવે આપ મારા ઉપર

દયા કરો અને મારાથી કદાચ કોઇ કસુર થયો હોય તો તે માફ કરો. મારી બીજી દીકરી ઘણીજ નેક અને ભલી છે તેને પોતાના નિકાહમાં લાવો." શાહ કુમેસના ચહેરા ઉપરથી હજી સુધી જલાલ ઉતરેલો ન હતો અને તેઓ પ્રથમ જેવાજ ગુસ્સામાં હતા. શાહ નસીમની ભુલ થઇ કે તે તેજ વખતે માફીના માટે આવ્યો. અગર તે જલાલ ઉતર્યા બાદ આવ્યો હોત તો કાંઇએ ન થાત પણ તેના ભાગ્યમાંજ એવું લખેલું હોવાથી તેને કોણ મીથ્યા કરી શકે. હઝરત કુમેસે શાહ નસીમની વાતો સાંભળ્યા બાદ તેજ જલાલમાં ફરમાવ્યું "જા તારૂં રાજપાટ પણ ગયું."

બધા સંબંધથી અલગ થવું.

તેજ જલાલમાં શાહ કુમેસે તે વખતે પોતાની આસપાસના બધા માણસોને દુર કરી દીધા અને પોતે જે હુજરામાં હતા તેનું બારણું માટીથી ચણી લેવાનો હુકમ કર્યો તથા માત્ર વજુનું પાણી અંદર લેવા માટે એક જાળીયું રાખવાનું ફરમાન કર્યું જે ઉપરથી લાચારીએ સુલતાને મજકુર હુકમનો અમલ કર્યો. હઝરત કુમેસ વરસો સુધી તેજ હુજરામાં બંદ રહયા.

બાદ એક દીવસે તેઓએ હઝરત મોહમ્મદ સલ૦ અને હઝરત શેખ અબદુલ્લ કાદર જીલાની રદી૦ ની જનાબમાં અરજ ગુજારી કે "હવે આ મીસ્કીન કયાં સુધી આવી કેદમાં રહે" તરતજ હુકમ મળ્યો કે "ફલાણા મહીનામાં ફલાણી તારીખે બિસ્મીલ્લાહ બોલીને જાગીયામાંથી બહાર નીકળો અને સાધુઓની તરફ વિદાય થાવ કેમકે તમારી ત્યાં નીમણુંક કરવામાં આવી છે."

મુજાહીદા ઇબાદત અને રીયાઝત.

આ હુકમ પ્રમાણે ફરમાવેલા દીવસે આપ હુજરાની બહાર તશરીફ લાવ્યા અને વન વગડાની તરફ રવાના થઇ ગયા ત્યાં જઇને તેઓએ ભારે રીયાઝતો કરી. કેટલીક નદીઓ ઉપર પહોંચીને જુદા જુદા જમાલી તથા જલાલી વિર્દ વઝાયફમાં લીન રહ્યા. જે પાણીમાં ઉભા રહીને આપ મજકુર વિર્દ વઝાયફ ભણતા હતા તે પાણીથી એક એક ગાઉ સુધીનું નદીનું બધું પાણી હમામના ગરમ પાણી કરતાં પણ વધુ ગરમ થઇ જતું હતું અગર કોઇ માણસ તે જગ્યાનું પાણી વાપરતો તો તે ઘણી વાર પછી ટાઢું થતું અને તે બાદ વઝુના કામમાં આવી શકતું. તે સમયમાં આપ ગામડાનો

લીબાસ રાખતા હતા. આપની સાથે ત્રણ ચાર ખીદમત ગુઝાર રહેતા હતા તેમની જોડે આપ નમાઝ જમાયતની સાથે અદા કરતા હતા તે પછી ચામડાના લીબાસને નદીના કીનારા ઉપર રાખી પાણીમાં ઉતરતાં અને માત્ર આંખો તથા નાક મોહડું બહાર રહે એટલા ઉંડા પાણીમાં એક પથર ઉપર ઉભા રહી આખી આખી રાત અને આખો દીવસ કાંઇ પણ ખોરાક તથા પાણી વીના વિરદ વઝીફામાં મશગુલ રહેતા હતા, અગર કોઇ ખીદમત ગારને વધારે ભુખ લાગતી તો તરતજ તેને નદીની તરફ જવાને કહેતા એટલે તે ત્યાં જઇને જોતો કે નદીના પાણીમાંથી ગેબી હાથ ફળ ફળાદી સાથે બહાર આવ્યો છે એટલે તે નોકર મજકુર ફળ ફળાદી પેલા ગેબી હાથમાંથી લઇને બધા ખીદમત ગારોમાં વ્હેંચી આપતો તેના ખાતાંજ એ લોકોનું પેટ ભરાઇ જતું તેમજ તે ફળફળાદીમાં એટલી બધી લહેજત મળતી કે દુનિયાના કોઇપણ ફળફળાદીમાં તેમને મળતી નહોતી. વળી તે ફળફળાદીના ખાવાથી ત્રણ દીવસ સુધી ભુખ લાગતી ન હોતી. આવી મહેનત ભરી ઇબાદત તથા રીયાઝતમાં લગભગ બાર વરસ પસાર કર્યા બાદ આપ મક્કા મોઅઝઝમા ગયા અને ત્યાં સાત વરસ સુધી

મુકામ કર્યો તે બાદ બગદાદ શરીફમાં હાજર થયા અને પોતાના પવિત્ર બુઝુર્ગોના રોઝાની ઝીયારત કરી થોડા દીવસ સુધી ત્યાં મુકામ રાખ્યો.

હીંદમાં પધાર્યા

છેવટે **પોતાના** પવિત્ર દાદા સાહેબની આજ્ઞાનુસાર હીંદમાં પધાર્યા. બગદાદ શરીફથી વિદાય થતી વખત આપને પાણીથી ભરેલો એક લોટો મળ્યો અને તે લોટાની સાથે હુકમ પણ મળ્યો કે તમને જ્યારે પણ જેટલા પાણીની જરૂરત પડે તેટલું પાણી આ લોટામાંથી લેજો. લોટામાનું પાણી આખી મુસાફરી દરમ્યાન ચાલશે અને જ્યારે લોટાનું પાણી પુરૂં થઇ જાય ત્યારે સમજવું કે મુસાફરી પુરી થઇ છે અને સાધુડા મુકામ આવી ગયો છે જે તમારા રહેઠાણની જગ્યા મુકરર કરવામાં આવી છે. આ પ્રમાણે આખી મુસાફરી દરમ્યાન આપે તેજ લોટામાંનું પાણી વાપર્યું અને દર વખતે તે લોટો પાણીથી ભરેલું રહેતું હતું. મુસાફરી દરમ્યાન અગર કોઇ જગ્યા આપને પસંદ પડતી તો ત્યાં મુકામ કરતા અને ત્યાંના લોકોને ફેઝ પહોંચાડતા હતા. આવી રીતે આ લાંબી મુસાફરીમાં ઇબાદત રીયાઝત કરતાં તથા હઝારો લોકોને

ફેઝ પહોંચાડતા આજ્ઞા અનુસાર પ્રથમ દીલ્લી અને ફરી સાધુડા પહોચ્યા.

સાધુડા.

જ્યારે આપ સાધુડા શહેરની પાસે પહોંચ્યા ત્યારે શહેરની બહારના એક સુખા ઝાડની નીચે બેસી ગયા અને ઝાડની તરફ જોઈ ફરમાવ્યું "એ ઝાડ! ફકીરના ઉપર છાંયડો નાંખ" તરતજ ઝાડ લીલું છમ થઇ ગયું અને તેની ઘટાઓ ચોમેર ફેલી ગઇ. થોડી વાર પછી આપે વઝુ કરવાનો ઇરાદો કર્યો પણ લોટામાં જોયું તો પાણી પુરૂં થઈ ગયું હતું તેથી આપ સમજી ગયા કે સાધુડા શહેર આટલામાંજ છે. તે વખતે હઝરતના ખીદમતગાર શેખ ઝમીરે લોટામાં પાણી ન હોવાથી અરજ કરી કે "સાધુડા અહીંજ છે પણ વસ્તી દુર છે તો હું વસ્તીમાં જઇને વઝુનું પાણી લાવું છું તો નમાઝનો વખત વીતી જાય છે. પાસેજ એક કુવો છે પરંતુ તેમાં પાણી નથી" આ સાંભળી આપે ફરમાવ્યું "કુવાને જઇને કહો કે ફકીર વઝુના માટે પાણી માંગે છે" શેખ ઝમીર કુવા ઉપર જઇને એટલુંજ કહેવા પામ્યા હતા કે કુવામાં પાણી ભરાઇ આવ્યું અને તે એટલું બધું આવી ગયું કે કુવામાંથી

બહાર નીકળી સાધુડા શહેરની તરફ વહેવા માંડયું એટલે હઝરતે ફરમાવ્યું "પાણી! તું પોતાની જગ્યા ઉપર રોકાઈ જા, મેં કંઈ એટલું બધું માંગ્યું નહોતું" આ વાકય ઉપર પાણી તેજ જગ્યાએ થોભી ગયું એટલે આપ વઝુ કરીને ઇબાદતમાં મશગુલ થઇ ગયા.

સાધુડા વાસીઓની માન્યતા.

આ બંને કરામતોની ખબર શહેરમાં ફેલાતાં ત્યાંના બધા સાદાતો, મશાયખીન, આલેમો, રાઝેસો અને બધા આમ મુસલમાનો ભારે અકીદત મંદીની સાથે તેજ સ્થળે હાજર થઇને મુરીદ થવા લાગ્યા. અને માત્ર થોડાજ દીવસમાં આસપાસના બધા સ્થળોએ આપની પ્રખ્યાતીનો પ્રસાર થઇ ગયો

અબ્દુલ મકારિમ.

તે સમયે સાધુડા શહેરના કાઝીના હોદા ઉપર અબ્દુલ મકારિમ સાહેબ નામના એક બુઝુર્ગ હતા. જેઓ હઝરત ઇબ્રાહીમ અધમની અવલાદમાંથી હતા જ્યારે તેઓએ હઝરતની ખુબીઓ સાંભળી ત્યારે સેવામાં હાજર

થવાનો ઇરાદો કર્યો અને માત્ર હઝરતની કરામતની પરિક્ષા માટે દીલમાં વિચાર કર્યો કે હઝરતની સેવામાં હું પહોંચુ તે વખતે તેઓ જો મને કલમદાન આપશે તો હું તરતજ તેમનો સાચો મુરીદ બની જઇશ. આવો વિચાર કરી તેઓ હઝરતની સેવામાં હાજર થયા એટલે હઝરતે મળતાં વેતજ અબુલ મકારિમને કલમદાન આપ્યો. આ જોઇને અબુલ મકારિમ સાહેબ સાચા અંતઃકરણ પુર્વક મુરીદ થઇ ગયા. અબુલ મકારિમ સાહેબના મુરીદ થતાંજતે ઇલાકાના હઝારો લોકો મુરીદ થયા કેમકે અબુલ મકારિમ સાહેબ તે ઇલાકાના એક આગેવાન પ્રખ્યાત બુઝુગ હતા.

શહેરમાં મુકામ કર્યો.

કેટલાક કાળ સુધી હઝરતે તેજ કરામતી કુવાની પાસે અને ઝાડની નીચે મુકામ રાખ્યો હતો પરંતુ ફરી શહેરના આગેવાનોની અરજ ઉપરથી આપે શહેરમાં પીરનુર નામની એક જગ્યામાં શહીદોની કબરો હતી તે સ્થળે મુકામ રાખ્યો.

બીજું લગ્ન.

એક દીવસે હઝરતે સાધુડાના રહેવાશી શેખ અબદુલ વાહેદને પુછ્યું કે "આ શહેરમાં સઇયદ નસરૂલ્લાહ નામના માણસ રહે છે કેજેઓ મીર અબુ ફ્તાહના દીકરા અને સહીઉન્નસબ સાદાત છે." અબદુલ વાહેદે અરજ કરી કે "જી હા" એટલે હઝરતે ફરમાવ્યું "મારો આ સંદેશો એમને પહોંચાડો કે આપના દીકરી બીબી આયશા લોહે મહફુઝમાં ફ્કીર કુમેસ અલ કાદરીના નામે લખાએલાં છે માટે તેમને મારા નિકાહમાં આપો" શેખ અબદુલ વાહેદે આ સંદેશો સઇયદ નસરૂલ્લાહની સેવામાં કહ્યો એટલે તેઓ એક લાંબા વિચારમાં પડી ચુપ થઇ ગયાં. તે બાદ બોલ્યા કે "કુટુંબની દીકરીઓ કુટુંબમાંજ અપાય છે અને કોણ જાણે આ બુઝુર્ગ કયા ખાનદાનના છે" સઇયદ નસરૂલ્લાહ આવાજ વિચારોમાં લીન રહ્યા એટલામાં શુકરવાર આવી અને રાતે તેઓએ સ્વપનામાં જોયું કે "હઝરત મોહમ્મદ સલ૦ તથા અસહાબે કિરામ અને હઝરત ગવસે પાક રદી૦ તેમના મકાન ઉપર પધાર્યા અને ફરમાવ્યું કે "ઓ સઇયદ નસરૂલ્લાહ ! આ મારો ફરઝન્દ સઇયદ શાહ કુમેસ સહી

ઉનનસબ અને આલીખાનદાન છે. તેના નસબમાં કોઇ પણ જાતનો શક નથી, તમારી દીકરી બીબી આયશા તેના ભાગ્યમાં લખેલી છે તેને મારા ફરઝન્દના નિકાહમાં આપો " આ સ્વપનામાંથી બેદાર થતાંજ સૈયદ નસરૂલ્લાહે પોતાના કુટુંબ કબીલા તથા સગા વહાલાને બોલાવ્યા જેમાં મવલાના અબુલ મકારિમ પણ હતા તે બધાની સામે સ્વપનાની વાત કાઢી સલાહ પુછી એટલે બધાએ આ કામ કરવાની સલાહ આપી જેથી બીબી આયશાનો નિકાહ હઝરત કુમેસ સાહેબની સાથે કરી આપ્યો. "સમરાતુલ કુદસ " નામના પુસ્તકમાં આ લગ્નની બધી હકીકત લખી છે અને તેમાં લગ્નની તારીખ તા. ૧૧ મી રજબ સને ૮૫૮ હિજરી લખી છે.

જીંદગીમાં ફેરફાર.

આ લગ્ન પછી હઝરતની જીંદગીમાં જાહેર ફેરફાર થયો. લગ્નના દીવસથીજ આપે આપના સાસરામાં મુકામ રાખ્યો હતો અને ચામડાનો લીબાસ પણ ઉતારી નાંખી સફેદ પહેરતા હતા. મુજાહીદાના સમયે ખાવાનું પણ ભુલી ગયા હતા કેમકે જે દીવસે સુલતાન નસીબ

શાહની દીકરી ભોંયમાં સમાઇ ગઇ હતી અને પોતે હુજરામાં બંદ થઇ ગયા હતા તે દીવસથી ખાવાનું બીલકુલ મુકી દીધું હતું. તેથી જયારે બીબી આયશાની સાથે નિકાહ થવા બાદ આપની આગળ ખાવાનું આવ્યું ત્યારે આપે તેમાં પોતાનો હાથ નાંખીને ખાણાંને મોંહઢા ઉપર મસળી નાંખ્યું જેથી શરૂઆતમાં સાસરાના લોકો ભારે ચીંતામાં પડયાં પરંતુ ધીમેધીમે આપને ખાવાની રૂઢી આવી ગઇ. એક રીવાયતમાં છે કે લગ્નના ત્રીજે વરસે અને એક બીજી રીવાયતના આધારે લગ્નના સાત વરસ પછી આપ પ્રથમની પેઠે ખાવા પીવા લાગ્યા હતા.

હીંદના મુગલ શહેનશાહ હુમાયુ અને અકબરના સમયે હઝરત કુમેસ સાહેબ મોજુદ હતા.

હુમાયુ અને અકબર.

આ બંને શહેનશાહો આપને ભારે માન અને અકીદતની નજરે જોતા હતા. હુમાયુ બાદશાહે સાધુડાનો કસ્બો આપને જાગીરમાં લખી આપવાની ઇચ્છા જાહેર કરી પણ આપે તેને કબુલ ન કરતાં ફરમાવ્યું કે " તવકકલની વિરૂધ્ધ છે " અકબર બાદશાહે પણ એક વખતે નજરાણું

મોકલ્યું હતું જે આપે ન રાખતાં પાછું મોકલી દોઆ ફરમાવી હતી,

છેલ્લી મુસાફરી.

આપે વૃધ્ધ અવસ્થામાં એક છેલ્લી મુસાફરી કરી હતી આપ સાધુડાથી દીલ્લી સુધી ગયા, જ્યાં અકબરથી મુલાકાત થઇ હતી. આપની મુલાકાતથી અકબર ઉપર ભારે અસર થયો હતો. અકબર બાદશાહ પોતે જણાવે છે કે "જ્યારે હઝરત મારી સામે આવ્યા ત્યારે મેં મારી આંખોથી હઝરતની બંને બાંહયોમાં બે સીંહ જોયા જેથી મને ભારે બીક લાગી અને હું ઘણોજ થોડો વખત હઝરતની સેવામાં હાજર રહી શકયો" દીલ્લીમાં થોડોક કાળ ગાળ્યા બાદ આપ બંગાલાની તરફ વિદાય થયા. અને બિહારમાં કેટલોક સમય રહયા. આ મુસાફરી દરમ્યાન આપે આપના એક ખલીફાની રૂબરૂ રામપુર મુકામે પેશીનગોઈ કરી હતી કે આ મારી છેવટની મુસાફરી છે અને હવે મારી લાશ સાધુડે આવશે. ખરેખર આપના ફરમાન પ્રમાણેજ થયું.

વફાત આપ બિહારમાં પહોંચ્યા તે બાદ ત્યાં આપની વફાત થઇ અને આપની પવિત્ર શબને સાધુડામાં લાવી દફન કરી.

અવલાદ આપને અવલાદમાં બે સાહેબઝાદા અને એક સાહેબ ઝાદી થયાં. સાહેબ ઝાદાનાં નામ સઇયદ શાહ મોહમદ સાહેબ અને સઇયદ શાહ અબ્દુલ મકારિમ સાહેબ હતાં જેઓ બંને છેલ્લી મુસાફરી દરમ્યાન રામપુર સુધી સાથે હતા. રામપુર પહોંચીને આપે આપના મજકુર બંને સાહેબ ઝાદાને સજ્જાદાનશીન બનાવી ખિરકો ઇનાયત કર્યો હતો. વળી એક પેરણુ અને પાઘડી પોતાની સાહેબ ઝાદીના માટે તેમના સાસરે કસ્બે સરસામાં બંને સાહેબ ઝાદાની સાથે મોકલી હતી.

પાછળ રહેલી વંશ કાદરીયા ખાનદાનની હીંદની જે શાખાના વડા હઝરત કુમેસ અલ આઝમ રદેિ૦ છે તે શાખાના બુઝર્ગોએ હીંદમાં ભારે ફેઝ પહોંચાડયો છે. ગુજરાતમાં મજકુર શાખાના જે બુઝર્ગો થયા છે તેમનો

શજરો નીચે પ્રમાણે છે અને જે હાલના પીરઝાદા સઇયદ મુસ્તફા હસન કાદરી સુધી પહોંચે છે.

હઝરત કુમેસ અલ આઝમ રહે૦ ના દીકરા

,, શાહ અબુલ મકારિમ ,,

,, શાહ અબદુલ કાદર ,,

,, સઇયદ અબુ સાલેહ કુતબુલ અકતાબ ,,

,, સઇયદ શાહ મોહમ્મદ કુમેસ ,,

,, સઇયદ શાહ અબદુલ્લાહ ,,

,, સઇયદ શાહ કરીમુલ્લાહ ,,

,, સઇયદ શાહ બુરહાનુદદીન ,,

,, સઇયદ શાહ મોહમ્મદ આરેફ ,,

,, શાહ કરીમુલ્લાહ ,,

,, સઇયદ મોહમ્મદ આરેફ ,,

,, સઇયદ શાહ કરીમુલ્લાહ ,,

,, સઇયદ શાહ મોહમદ આરેફ ઉરફે બડામીયાં સાહેબ ,,

,, સઇયદ શાહ ગુલામરસુલ ઉરફે બાવા મીયાં ,,

,, સઇયદ હિસામુદદીન ,,

,, સઇયદ શાહ કુમેસ ઉરફે પીરમીયાં સાહેબ ,,

,, સઇયદ સિરાજુદદીન ઉરફે બાવા મીયાં સાહેબ ,,

,, સઇયદ મુસ્તફા હસન કાદરી ,,

સઇયદ શાહ મોહમદ આરેફ.

હઝરત સઇયદ શાહ મોહમદ આરેફ સાહેબ પોતાના વતનથી નીકળીને લોકોને ફેઝ પહોંચાડવા માટે ગુજરાત કાઠીયાવાડમાં આવ્યા અને વીરમગામમાં પધારી ત્યાંજ મુકામ રાખ્યો. આપના જેવા એક બરગુઝીદા બુઝુર્ગને પોતાના ગામમાં પધારેલા જોઈ વીરમગામ વાશીઓએ આપનો ભારે આદર સત્કાર કર્યો અને આપની પરહેઝગારી, પારસાઇ, કશ્ફો કરામાતથી અંતઃકરણ પુર્વક આપના તાબેદાર બની ગયા અને પોતાનું તન મન તથા ધન આપની ઉપર કુરબાન કરવા લાગ્યા. આજ કાલ વીરમગામમાં મજકુર ખાનદાનના ઘરો અને મસજીદો મકબરાઓ વીગેરે જે જમીન ઉપર છે તે બધી જમીન તેજ અકીદમદંત

તાબેદારોએ હઝરતને નજરાણા તરીકે આપી હતી. આગળ ચાલતાં એ લોકોએ હઝરત શાહ સઇયદ મોહમ્મદ આરેફની અવલાદને એક ગામ જાગીરમાં આપ્યું હતું જે જનાબ સઇયદ સિરાજુદદીન ઉર્ફે બાવામીયાં સાહેબના કાકા સઇયદ બડામીયાં સાહેબ શહેર કાઝીના સમય સુધી એજ ખાનદાનમાં હતું પરંતુ તે પછી સઇયદ બડામીયાં સાહેબ અપુત્ર ગુજરવાથી તથા સઇયદ બાવા મીયાં સાહેબ બ્રીટીશ સરકારની નોકરીમાં રહેવાથી તે ગામની આવકના ઉપર આધાર ન રાખતા હોવાથી નામદાર સરકારે રાજ્યની મસલેહતના સબબે ગામને ખાલસા કરી લીધું અને સઇયદ બડામીયાં સાહેબની વિધવા તથા દીકરીને તેમની આખી જીંદગી સુધી પેનશન બાંધી આપ્યું.

ફયઝાન.

વીરમગામના મજકુર કાદરીયા ખાનદાને ગુજરાત અને કાઠીયાવાડના હજારો માણસોને મુરીદ બનાવ્યા છે અને હજુ સુધી એ ખાનદાનના બુઝુર્ગો ખાસ માનની નજરે જોવામાં આવે છે. રાજ્યનો ફેરફાર થવાથી આ ખાનદાનની સ્થીતીમાં કાંઇ પણ ફેરફાર થયો નથી બલકે

પ્રથમની પેઠે આ ખાનદાનનો માન મરતબો કાયમ રાખવામાં આવ્યો એ ખાસ બુઝુર્ગોની દોઆનો અસર છે. વળી વીરમગામના કાઝીનો હોદો પણ ખાસ કરી આ ખાનદાનમાંજ આપવામાં આવ્યો છે જે આજ કાલ સય્યદ મુસ્તફા હસન કાદરીની પાસે છે. ચાલુ સમયમાં મજકુર ખાનદાનના એક ચમકતા સીતારાએ ચમકીને ખુદાપરસ્તી, દયાનત દારી, હીમ્મત, જવાંમર્દી, ઉદારતા, દુર અંદેશી, રાજ્યદ્વારી જ્ઞાન અને એવીજ રીતે બીજા અનેક ઉમદા ગુણોની જે સાબેતી આપી છે તે ખાસ કરી આજકાલના નવ જવાનોએ અનુકરણ કરવા જોગ છે.

સય્યિદ સિરાજુદ્દીન ઉરફે બાવામીયાં સાહેબ

સય્યદ સિરાજુદ્દીન ઉરફે બાવામીયાં સાહેબ એક એવા બુઝુર્ગ હાલમાંજ ગુજર્યા છે કે જેઓ એ પોતાના બુઝુર્ગોના માન મરતબા અને બુઝુર્ગીમાં જાણવા જોગ વધારો કર્યો છે. તેમની અમુલ્ય જીંદગી ખરેખર શીખામણનો ભંડાર છે અને તે ઉપરથી ચાલુ સમયના લોકોને ઘણું ખરૂં શીખવાનું મળી શકે છે. આપનો

જન્મ તા. ૧૫ મી અકટોબર સને ૧૮૫૦ માં વીરમગામ મુકામે થયો હતો.

ચાલુ સમયમાં શરૂઆતની કેળવણીના માટે જે જે વાતોની જરૂર હોય છે તે

શરૂઆતની કેળવણી વાતોની સાથે આપની શરૂઆતની કેળવણીનો પ્રારંભ થયો.

તેઓએ મકાન ઉપર ખાનગી રીતે દીની કેળવણીનું સંપુર્ણ ગ્નાન મેળવ્યું, એ ઉપરાંત ફારસી અરબી ભાષાનું શિક્ષણ લીધા બાદ બાકાયદા અંગ્રેજી ગ્નાન અંગ્રેજી સ્કુલમાં લીધું. આપની ઉન્નતીનો ભેદ આ વાતમાંજ સમાએલો છે કે આપે પૂર્વ તથા પાશ્ચિમાત્ય કેળવણીના ઉમદા ગુણોનો પોતામાં જમાવ કર્યો. ચાલુ સમયમાં પુર્વની કેળવણી વિના માણસ જાતીના આચાર વિચાર દુરૂસ્ત રહી શકતા નથી તેવીજ રીતે પાશ્ચિમાત્ય કેળવણી વીના માણસ આજ કાલમાં દુન્યાવી ચઢતીએ પહોંચી શકતો નથી. દરેક સમયમાં ચઢતી દશાએ પહોંચવા માટે સદા ચાર વિચારની ખાસ જરૂરત છે. પણ માત્ર સદાચાર વિચાર ચાલુ સમયની નવી કેળવણી વિના કાંઇ કામ આવતા નથી આ કારણોના

લીધે જનાબ સઇયદ સીરાજુદદીન સાહેબે દીની કેળવણીની સાથે દુન્યાવી કેળવણીનું પણ સંપુર્ણ જ્ઞાન લીધું હતું.

નોકરી. આપે કેળવણી સમાપ્ત કરી અને સમયને નિહાળી બ્રીટીશ સરકારની નોકરીમાં દાખલ થવાનો વિચાર કર્યો. તા. ૯ મી અકટોબર સને ૧૮૬૬ ની સાલમાં આપ સરકારી નોકરીમાં દાખલ થયા અને કાઠીયાવાડ એજન્સીમાં જુદી જુદી જગ્યાએ રહ્યા. સીબંદી સુપ્રીનટેન્ડન્ટ ફીડરલ અને બાંટવાના સ્પેશીયલ. એસીસટન્ટ પોલીટીકલ એજન્ટના ભરૂસાદાર કારકુન સાબેત થયા. ઉપરાંત રેવન્યુ તથા જુડીશીયલ ખાતાના જોખમી હોદાઓ ઉપર રહી ઉપરી અમલદારોનો ખાસ ભરૂસો પ્રાપ્ત કર્યો. આ નોકરીમાં તેઓએ પોતાના ઉપરી અમલદારો તથા બીજા લોકોનો જે ચાહ મેળવ્યો છે તેની સાબેતી તેમને મળેલી અસંખ્ય સરટીફીકેટો જોતાં જણાઇ આવે છે. પોલીટીકલ એજન્ટથી લઇને તો નાના અમલદાર સરખી રીતે બાવા મીયાં સાહેબના કામથી સંતોષ પામતા હતા અને તેઓ

બધા જણા બાવા મીયાં સાહેબને માનની નજરે જોઇ તેમના કામની કદર કરતા હતા.

રાધનપુર જવું

કાઠીયાવાડ એજન્સીમાં બાવા મીયાં સાહેબે જે નામના અને લોક પ્રિયતા મેળવી હતી તેના સમાચાર રાધનપુરના તે વખતના નવાબ બિસ્મીલ્લાહ ખાન સાહેબના જાણવામાં પણ આવ્યા જેથી તે નામદારે બાવામીયાં સાહેબને પોતાના રાજયમાં બોલાવવાની ઇચ્છા જાહેર કરી. જો કે કાઠીયાવાડ એજન્સીના અમલદારો આવા એક બાહોશ અને ભરૂસાદાર માણસને પોતાની પાસેથી જુદો કરવાને રાજી નહોતાં છતાં તેમની ઉન્નતીના રસ્તામાં ન આવતાં લાચારીએ રાધનપુર જવાની રજા આપી જેથી આપ એક વરસની રજા લઇ રાધનપુર ગયા. જ્યાં પુરા અખત્યારની સાથે હુઝુર ક્રીમીનલ કોર્ટના વડા જડજની માનવંતી જગ્યા મળી. તે જગ્યા ઉપર નિમાવાને માત્ર થોડીજ મુદત થઇ હશે કે આપે આપની બાહોશી, કાબેલીયત, સચ્ચાઇ, વીવેક, નીતી વિગેરેથી નવાબ સાહેબ તથા રાજ્યના બીજા લાગતા વળગતાઓના મન હરી લીધાં અને સઉ કોઇ આપના વખાણ કરવા લાગ્યા.

રાધનપુરમાં થોડાજ દીવસ ગુજરવા પામ્યા કે એટલામાં બ્રીટીશ સરકારને

ગોંડલમાં નીમણુંક. ગોંડલમાં આપની જરૂરત પડી જેથી રાધનપુરથી આપને ગોંડલ જવું પડયું. ગોંડલના મહારાજા સાહેબના મર્ણના સબબે ત્યાંનો રાજ્ય કારોબાર એડમીની સ્ટ્રેટરના હાથમાં મુકવામાં આવ્યો હતો. ગોંડલના ઇતિહાસમાં તે સમય બહુજ નાજુક ગુજરવા પામ્યો છે. નાગર અને વાણીયા કોમના અંદર અંદરના મતભેદના સબબે મામલો ગંભીર થઇ પડયો હતો તેથી એક બાહોશ, અનુભવી અને ભરૂસા પાત્ર પર કોમના અમલદારની જરૂરત જણાઇ જેથી તે સમયના પોલીટીકલ એજંટ મેજર સ્કૉટની નજર આપની ઉપર પડી તેથી રાધનપુરના નવાબ સાહેબની પાસેથી આપને બોલાવ્યા. આવા એક બાહોશ અમલદારને પોતાના રાજ્યમાંથી જવા દેવાને નવાબ સાહેબ બીલકુલ રાજી નહોતા પરંતુ મેજર સ્કોટની જરૂરી માંગણી અને બાવા મીયાં સાહેબની ઉન્નતીના સબબે લાચારીથી નવાબ સાહેબે ગોંડલ જવા દીધા. ગોંડલ પહોંચીને તા. ૩૦ મી માર્ચ સને ૧૮૭૮ ના રોજ જોઇન્ટ એડમીનીસ્ટ્રેટરના

સીરસ્તેદારની જગ્યાએ નીમણુંક થઇ. સીરસ્તેદારના હોદાનો ચાર્જ લેતાંજ બાવા મીયાં સાહેબને કુદરત તરફથી મળેલી અનુપમ બાહોશી બતાવવાનો સમય મળ્યો. સીરસ્તેદારનો હોદો કાંઇ ઓછો જોખમદાર નહોતો એડમીનીસ્ટ્રેશનની નામદારી અને ફતેહમંદીનો બધો આધાર સીરસ્તેદારના હાથમાં હોવાથી બાવા મીયાં સાહેબે પોતાની કાબેલીયતનો ઉમદા છાપ થોડાજ દીવસમાં ઉપરી અમલદારના મન ઉપર બેસાડી દીધો. કેટલાક ગુંચવણ ભરેલા મામલાઓમાં એવી સરસ રીતે કારરવાઇ કરી કે જેથી ઉપરી અમલદાર અને આમ લોકોમાં આપની બાહોશીની ધાક બેસી ગઇ. સીરસ્તેદારીના અમલ દરમીયાન તે લોકોએ એક હીચકાર પગલું ભરીને આપને હલકા પાડવાનો પ્રપંચ કર્યો હતો કે જેઓની અંધાધુંધી દુર કરવાને માટે આપની નીમણુંક કરવામાં આવી હતી પરંતુ આપની સત્યતાના સબબે તેઓની બાજી ઉંધી વળી ગઇ અને સરકારમાં આપની નેક નામીનો વધારો થયો.

મોઢ સીંધવાણીનું બારવટું.

એડમીનીસ્ટ્રેશનના સમયમાં મોઢ સીંધવાણી નામના એક બારવટીઆએ દેશમાં ત્રાસ મચાવી મુકયો હતો તેના ત્રાસને દુર કરવા માટે ઘણાં ઉલાજો લેવામાં આવ્યા છેવટે બાવા મીયાં સાહેબથી એ કામમાં મદદ લેવામાં આવી અને તા. ૧૭ મી માર્ચ ૧૮૮૩ ની સાલમાં મીઆણા મેજીસ્ટ્રેટના હોદા ઉપર આપની નીમણુંક કરવામાં આવી. આ હોદો આપે જે દીલેરી, બહાદુરી અને બાહોશીની સાથે બજાવ્યો તે સદા યાદગાર રહી ગયો છે.

વડીયાની મેનેજરી.

કાઠીયાવાડમાં આવેલા જેતપુર સ્ટેટના મોગ જાગીરદારના ચરણ ઉપર આપને વડીયા સ્ટેટના મેનેજર તરીકે નીમવામાં આવ્યા. આપે મેનેજરના હોદા ઉપર આવ્યા બાદ જાગીરની સ્થીતીમાં, આવકમાં, શહેરની ઇમારતોમાં સ્ટેટના બંધારણમાં, રાજ્ય કારોબારમાં અનેક

જાતના જાણવા જોગ સુધારા વધારા કર્યા જે આજ સુધી આપની યાદગાર તરીકે પ્રખ્યાત છે.

રાધનપુરમાં દીવાનગીરી

વડીઆની મેનેજરીનું કામ સંપુર્ણ કર્યા બાદ આપને રાધનપુરમાં બોલાવ્યા જ્યાં આપને દીવાનનું માનવતું પદ આપવામાં આવ્યું આપ લગભગ પાંચ વરસ સુધી દીવાનના માનવંતા હોદા ઉપર રહી રાધનપુરના નામદાર નવાબ બિસ્મીલ્લાહ ખાન સાહેબની વફાતથી એક માસ પહેલાં રીટાયર થઇને અમદાવાદ આવ્યા.

દીવાનગીરીના સમયે કરેલા કારનામાઓ.

દીવાનના માનવંતા હોદા ઉપર બાવામીયાં સાહેબની નીમણુંક થતાં રાધનપુર રાજ્યના ઇતિહાસનો એક નવો ફકરો ઉઘડ્યો. એમના દીવાન પદે આવ્યા પહેલાં રાધનપુર રાજ્ય

માં શીખા શાહીની પેઠે જુની રૂઢીમાં જકડાયલા અને નવી રૂઢીથી અંજાણુ હીંદુ દીવાનો થતા હતા. સંપુર્ણ કેળવણી પામેલા બાહોશ નરની નીમણુંકથી રાજ્યના કારોબારમાં પ્રશંસા પાત્ર ફેરફાર થયો, આપની વિદ્વતા અને અનુભવનો પુરેપુરો લાભ લેવામાં આવ્યો. સ્ટેટના બંધારણ અને બીજા ખાતાઓમાં સુધારા વધારા થયા. જેનું પરિણામ એ આવ્યું કે રાજ્યની વારસીક આવક ચાર સાડા ચાર લાખની હતી તે વધીને સાત લાખ રૂપીઆ સુધી પહોંચી ગઇ. પ્રજામાં આબાદીના ચિન્હ જણાયાં, શહેર અને રાજ્યના તાબાના ગામોમાં સુખ શાન્તીનો પ્રસાર થયો. પોલીટીકલ ઓફીસરોની નજરોમાં રાધનપુર રાજ્ય અને ત્યાંના નવાબ સાહેબના માટે ભારે માનની લાગણીમાં જાણવા જોગ વધારો થયો.

ગોશા નશીની

ટુંકમાં એટલુંજ કે પાંચ વરસ સુધી ભારે નેકનામીથી દીવાનગીરી કર્યા બાદ આપ અમદાવાદ પધાર્યા અને જીંદગીના છેલ્લા દીવસો રિયાઝત,

મુજાહીદાત અને ઇબાદતે ઇલાહીમાં ગુજારવા લાગ્યા. દુનિયાને લગતી દરેક બાબતોને દુર કરી દીધી અને તે એટલે સુધી કે લોકોથી મુલાકાત કરવાનું પણ બંદ કર્યું, આવી રીતે એકાંત જીંદગી ગુજારવાનું કામ ઘણુંજ મુશકેલ હતું પરંતુ આપે વડીલોના પગલે ચાલી ઘણીજ શાંત રીતે એ સમય પસાર કરી દીધો. વળી એ સમયમાં આપે કેટલાક વિદવતા ભર્યા દીની પુસ્તકો પણ રચ્યા છે જેનું ટુંક લીસ્ટ નીચે પ્રમાણે છે.

૧, મીલાદ નામા ૨, હમદાહે પયગમ્બરી ૩, પયગામે મેહબુબુરી, ૪, ફરોગે ગેઝદી (હી. ૧૩૧૮) ૫, ફરોગે દીલ (હી. ૧૩૨૦) ૬, અતાએ ખયરૂલ મુરસેલીન (હી. ૧૩૨૧) ૭, અલ–અર મુગાં (હી ૧૩૨૩) ૮, અલ–તમગા (હી. ૧૩૨૬) વિગેરે વિગેરે.

વફાત.

અફસોસ ! બાવા મીયાં સાહેબ તા. ૧૧ મી નવેમ્બર ૧૯૧૧ ના દીવસે રાતના અગ્યાર વાગે આ ફાની જહાનથી કુચ કરી આલમે જાવેદાની તરફ સીધાવ્યા.

વફાતની તારીખ

આપની વફાત ઉપર અમદાવાદ અને બહારના અગણિત શાયરોએ તારીખો લખી હતી પણ બધી તારીખો અત્રે લખવામાં આવે તો એક મોટું પુસ્તક થઇ જાય તેથી મજકુર તારીખોમાંથી જનાબ કુદસી અલકાબ મવલાના **હઝરત શમ્સુલ ઉલમા આકા મીરઝા મુસા કવસર સાહેબ શીરાઝી** અલ **મુસવી પ્રોફેસર અહમદાબાદ**ની લખેલી તારીખ અત્રે ઉતારી લેવામાં આવે છે.

અઝીઝો દારે દુનિયા મનઝીલે અનદોહો હસરત હે
નહીં દુઝદે અજલસે ઇસ સરામેં કિસ્કા દિલ ગમગીં

શિગુફતા કલ હુવે માનિન્દે ગુલ મેહકાયે આજ ઇસમે
ચમનસે ચુન ગયા ફિર આકે ફરશ મોતકા ગુલચીં
યુંહીં બાબા મયાં આએ, રહે રાહી હુવે આખિર
ફના અનજામ હે સબકા કોઇ મુનઇમ હો યા મિસ્કીં
તુમ(આકર ફાતેહા પઢતેતો હો આજ ઇન્કી તુરબત પર
મગર ગાફિલ કે તુમ ભી હોગે ઝેરે ખાક પરી આઈ
જહાંમે કુછ કરકે કાદરીયોંકે સરો અફસર
હુવે મસનદ ગુઝી ફિરોસે આલામેં બસદ તમકીં
વો નઝમો નસ્ત્રમેં અફસહ થે ઓર અબલગ ઝમાનેસે
કિતાબેં ઉનકી શાહિદ હેં બ લફઝો માઅનીએ રંગી
વો હમ અસરોંમેં મુનઇમથે તો થે સાહબ સખાભીથે
સદા જલતે થે ઉનસે હાસેદાને મુમસિકો બદબીં
મગર દીવાને રાધનપુર કા નામો નિશાં બાકી
રહેગા સાલહા નેકી મેં બદ ગોઇપે સદ નફરીં
વો અફઝલ સબસેથે અસલો નસબમેં બીબિલા શકકી
કે થે ખાસ ઉનકે દાદા કુદવએ ઝીલાં મહહયુદદીં

ખુદા કે ઝિલ્લે રેહમતમે રહે બાકી હે તા રેહમત

બદિલ મેરી દોઆ પર મોમેની સુન કર કહે આમી

લિખું સાલે વફાતે કાદરીએ ઝિન્દા દિલ કવસર

બેકવસર ગયે બાબા મીયાં સય્યદ સિરાજુદ્દીં

હી જ રી ૧ ૩ ૨ ૯.

જીસે પઢનેમો ખિરદ હે વો હમારી નઝમે સાદિક પર

કરેગા ઝોક દિલસે આફરીં ઓર શોકસે તેહસીં

મરહુમ બાવામીયાં સાહેબ પોતાની પાછળ ત્રણ દીકરીઓ અને એક દીકરો

સય્યદ મુસ્તુફા હુસન સાહેબ. મુકી ગયા. આપના પુત્રનું નામ સય્યદ કાઝી મુસ્તુફા હુસન સાહેબ કાદરી છે એમનો

જન્મ તા. ૨૦ મી શવ્વાલ હી. ૧૩૦૯ મુતાબિક તા. ૧૮ મી મે સને ૧૮૯૨ ઈ. સ. ના રોજ અમદાવાદ મુકામે થયો છે. આપ ખાનગી રીતે પોતાના પિતાના પવિત્ર

સાહ્યા તળે ગુજરાતી, ઉરદુ, ફારસી અને થોડીક અરબી તથા અગ્રેજીનો અભ્યાસ કરવા પામ્યા હતા કે પીતાનો સાહયો ઉઠી ગયો તેથી ઘરબારનો બધો કારોબાર આપના માથે આવી પડવાથી પોતાનો અભ્યાસ આગળ વધારી શકયા નહીં છતાં પણ વાંચનનો શોખ હોવાથી તેઓ દરેક વિષયના પુસ્તકો વાંચી પોતાના ગ્નાનમાં વધારો કરી રહ્યા છે અને દરેક કોમી કામમાં આગેવાન ભાગ લે છે. આપનું લગ્ન વડોદરાવાળા પ્રખ્યાત કોમી હમદર્દ જનાબ નવાબ મીર સદરૂદદીન હુસેનખાન સાહેબની પુત્રીથી તા. ૩–૧૨–૧૨ ના રોજ થયું છે. ખુદાવ દે કરીમના ફઝલો કરમથી ગઇ તા. ૧૪ મી અકટોમ્બર ૧૯૧૪ ના રોજ આપને ત્યાં બેટાનો જન્મ થયો છે. જેમનું નામ સૈયદ સિરાજુદદીન કાદરી રાખવામાં આવ્યું છે.

મી. મુસ્તુફા હસન સાહેબ કાદરી ચાલુ સમયની કેળવણી પામેલા એક નવ જવાન છે. મઝહબી બાબતીમાં પોતાના વડીલોને પગલે ચાલી રહયા છે. આપની કોમી હમદર્દીના સબબે આપને અમદાવાદની અંજુમને ઇસલામના ઓનરેરી

જોઇન્ટ સેક્રેટરીનો હોદો આપવામાં આવ્યો છે જે આપ બાહોશીની સાથે બજાવી રહયા છે હાલમાં કોમી કામો પ્રત્યેની આપની દીલસોઝી જોતાં જણાય છે કે ભવિષ્યમાં આપના હાથે અનેક કોમી કામો થશે અને કોમને ઘણો લાભ પહોંચશે. ઉપરાંત આપની બાહોશી જોઇને વીરમ-ગામના ઇસલામી શહેરીઓએ આપના વડીલોની કઝાત આપને આપી છે જેથી વીરમગામ શહેરના કાઝીનો હોદો પણ આપ ધરાવે છે.

સમાપ્ત.

નિઝામીયા બુક ડેપોમાં મળતા ઇસ્લામી પુસ્તકોનું ટુંક લીસ્ટ.

ગુજરાતી.

રસુલે અરબી	૧—૪—૦
હઝરત મોહમ્મદ સલ૦નું ટુંક જીવન વૃતાંત	૦—૧૨—૦
અમારા નબી અને તેમનાં બોધ વચન.	૦—૮—૦
અમારા નબી.	૦—૨—૦
હઝરત મોહમ્મદ સલ૦.	૦—૮—૦
અમારા રસુલના સદગુણો.	૦—૦—૬
મઝહબી નોંધ પોથી	૦—૧—૦
ઇસલામની ખુબીઓ.	૦—૨—૦
ઇસલામના અર્થ.	૦—૧—૦
ઇસલામની ઇબાદતો.	૦—૧—૦
ઇસલામી નીતીશાસ્ત્ર.	૦—૧—૦
ઇસલામની અરજી.	૦—૧—૦
ઇસલામની પહેલી કીતાબ.	૦—૨—૦
ઇસલામના મોતી.	૦—૮—૦
ઇસલામીઓનો હીંદને ઠપકો.	૦—૨—૦
તવહીદ.	૦—૧—૦
શેખ સનોસી ભા. ૧	૦—૬—૦
શેખ સનોબી ભા. ૨	૦—૪—૦